દિવ્ય ભાસ્કર, તા. 7-3-2018

# ઘઉંની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરો

રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે રવિ માર્કેટિંગ સીઝન 2018-19 અંતર્ગત ઘઉંની ખરીદી 15 માર્ચથી 31મી મે દરમિયાન ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના 203 જેટલા ખરીદ કેન્દ્રો/ગોડાઉન કેન્દ્રો ખાતે કરવામાં આવનાર છે. ભારત સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ઘઉં માટે 1735/- પ્રતિ ક્વિન્ટલ નિયત કરેલ છે. લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતો ઓનલાઈન નોંધણી http://pds.gujarat.gov.in ઉપર કરાવવા નિગમની જિલ્લા કચેરી,નિગમના સ્થાનિક તાલુકા ગોડાઉન કેન્દ્રોનો સંપર્ક કરી શકશે.